# રવિ સિઝન પહેલાં કેન્દ્ર સમક્ષ લઘુતમ ટેકાના ભાવે ખરીદીનો વ્યાપ વધારવા ગુજરાતની માંગ

**કઠોળ**-તેલીબિયાંની લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી 25થી વધારી 40 ટકા કરવા અને દિવેલાને પણ ટેકાના ભાવના દાયરામાં લાવો

ગાંધીનગરઃ રવિ સિઝન શરૂ થાય તે પહેલાં ગુજરાત સરકારે કૃષિ ક્ષેત્રે રાજ્યની તૈયારીઓ સાથે ખેડૂતોના હિતને લગતી કેટલીક મહત્ત્વપૂર્ણ માંગણીઓ કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ કરી છે. નવી દિલ્હી ખાતે યોજાયેલી 'રાષ્ટ્રીય કૃષિ પરિષદ-રવિ અભિયાન-2026'માં ગુજરાતે કઠોળ અને તેલીબિયાંની ટેકાના ભાવે ખરીદીની મર્યાદા 25 ટકાથી વધારી 40 ટકા કરવા તેમજ દિવેલાને લઘુતમ ટેકાના ભાવના દાયરામાં સામેલ કરવાની માંગ કરી છે. રાજ્ય સરકારે જણાવ્યું છે કે રવિ સિઝન માટે પૂરતા પ્રમાણમાં બિયારણનો જથ્થો ઉપલબ્ધ છે, જ્યારે વર્ષ 2026-27માં કૃષિ બજેટ વધારીને રૂ.17 હજાર કરોડથી વધુ કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયેલી બે દિવસીય પરિષદમાં ગુજરાતના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ રાજ્યની કૃષિ સિદ્ધિઓ, રવિ સિઝનની તૈયારીઓ અને ખેડૂતોને લગતી વિવિધ રજૂઆતો કરી હતી. ગુજરાતે ખાસ કરીને દિવેલાને લઘુતમ ટેકાના ભાવમાં સામેલ કરવાની માંગ કરી છે. રાજ્યમાં દિવેલાનું વાર્ષિક ઉત્પાદન આશરે 16 લાખ મેટ્રિક ટન હોવાનું જણાવાયું છે.

### ગુણવત્તા નિયંત્રણમાં કડક કાર્યવાહી

બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ગુણવત્તા જાળવવા રાજ્યમાં તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે. 276 ટીમ દ્વારા 6,380 ડીલરની તપાસ કરવામાં આવી હતી, જેમાં 26 FIR નોંધાઈ અને 246 લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતા. ચાલુ વર્ષે 94 ટીમે 3,760 સ્થળે તપાસ હાથ ધરીને 136 લાઇસન્સ રદ અથવા સ્થગિત કર્યા છે તથા 15 ફરિયાદ નોંધવામાં આવી છે.

### સૂક્ષ્મ સિંચાઈ હેઠળ 25.91 લાખ હેક્ટર

પાણીના કાર્યક્ષમ ઉપયોગ માટે રાજ્યમાં સૂક્ષ્મ સિંચાઈને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ગુજરાત ગ્રીન રેવલ્યુશન કંપની દ્વારા અત્યાર સુધીમાં રાજ્યમાં 25.91 લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવ્યો છે. ચાલુ વર્ષે વધુ 2 લાખ હેક્ટર વિસ્તારને આ પદ્ધતિ હેઠળ લાવવા માટે રૂ.1,250 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આદિવાસી વિસ્તારોના ખેડૂતોને ખેતીલક્ષી સેવાઓ અને માર્ગદર્શન ઘરઆંગણે મળી રહે તે માટે 14 જિલ્લાના 53 તાલુકાઓમાં EMRI-GVKના માધ્યમથી 'કિસાન સુવિધા રથ' શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

### ભેળસેળ અટકાવવા વધુ કડક કાયદા અમલમાં મૂકવા રજૂઆત

ગુજરાતે ભેળસેળ અટકાવવા જૂના કાયદાઓમાં સુધારા કરીને વધુ કડક કાયદા ઝડપથી અમલમાં મૂકવા અને નેનો ફર્ટિલાઇઝરના સેમ્પલ ટેસ્ટિંગ માટેનો આખરી પ્રોટોકોલ ઝડપથી જાહેર કરવાની પણ માંગ કરી છે. એગ્રીસ્ટેક હેઠળ મળતા 'સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્સ ફંડ'નો આગામી વર્ષોમાં ઉપયોગ કરવાની છૂટ આપવા તેમજ કૃષિ યાંત્રિકીકરણ યોજનામાં અરજી કરનારા 9,000થી વધુ ખેડૂતોને લાભ આપવા વધારાનું ફંડ ફાળવવા પણ રજૂઆત કરવામાં આવી છે.

# સરકાર યુજીસીનો કાયદો પાછો લાવી રહી હોવાની શંકાથી સવર્ણો ચિંતામાં છે

સુપ્રીમ કોર્ટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) ના નવા નિયમો પર રોક લગાવતાં કહ્યું હતું કે તેમની જોગવાઈઓ પહેલી નજરે અસ્પષ્ટ લાગે છે. આ નિયમોનો દુરુપયોગ થવાની સંભાવના હતી, તેથી નિષ્ણાતોની સમિતિ તેમની ખામીઓને દૂર કરવા પર વિચાર કરવાની ભલામણ કરવામાં આવી હતી. હવે ભાજપના મોરચાની સરકાર ત્રણ રાજ્યોની ચૂંટણી પહેલાં UGCના નવા નિયમોનો અમલ કરવા સજ્જ થઈ રહી હોવાના હેવાલો પછી તેની સામે દેશભરમાં સવર્ણોનો વિરોધ ઉગ્ર બની રહ્યો છે. સુપ્રીમ કોર્ટે નવા નિયમો પર રોક લગાવી દીધી હોવા છતાં સરકાર તેને પાછા લાવવાના પ્રયાસો કરી રહી હોવાથી આ મુદ્દો ગંભીર ચર્ચાનો વિષય રહ્યો છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે આ નિયમો લાવવા પાછળ સરકારનો હેતુ શું હતો? વરિષ્ઠ પત્રકાર નીરજા ચૌધરી માને છે કે નવા નિયમો લાવવા પાછળનો હેતુ OBC વર્ગને આકર્ષવાનો હતો.

અત્યાર સુધી શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિગત ભેદભાવની વ્યાખ્યામાં OBCનો સમાવેશ થતો ન હતો. જો કે, એક સંસદીય સમિતિએ UGC ને આ માળખામાં OBC વિદ્યાર્થીઓનો સમાવેશ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ પછી નવા નિયમોમાં જાતિ ભેદભાવની વ્યાખ્યામાં OBCનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઓબીસી સમુદાય ઘણો મજબૂત બન્યો છે અને ભાજપની ઓળખની રાજનીતિનો એક મુખ્ય ભાગ બન્યો છે. ઓબીસી સમુદાયનો સમાવેશ કરીને ભાજપ તેના કેટલાક રાજકીય લાભો પ્રાપ્ત કરવા માંગતો હતો. જો સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓનો ગુસ્સો વધ્યો હોત તો ભાજપ માટે આ નવી પરિસ્થિતિને સંભાળવી એક પડકાર બની ગઈ હોત.

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

ભાજપમાં એવી ચર્ચા હતી કે પાર્ટી વધુ પડતી ઓળખનું રાજકારણ રમી રહી છે, જેના કારણે સામાન્ય જનતાની અવગણના થઈ રહી છે. બહુજન સમાજ પાર્ટીનાં સુપ્રીમો માયાવતીએ પણ કોર્ટના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો અને કહ્યું કે નવા નિયમો લાગુ થયા પછી સામાજિક તણાવનું વાતાવરણ વિકસિત થયું હતું. જો UGC એ નવો નિયમ લાગુ કરતાં પહેલાં તમામ પક્ષોને વિશ્વાસમાં લીધા હોત અને કુદરતી ન્યાય મુજબ તપાસ સમિતિ વગેરેમાં ઉચ્ચ જાતિના સમુદાયને યોગ્ય પ્રતિનિધિત્વ આપ્યું હોત તો આ બાબતમાં સામાજિક તણાવની પરિસ્થિતિ ઊભી ન થાત.

ઉચ્ચ જાતિના સભ્યો આ નિયમન સામે દલીલ કરી રહ્યા છે કે તેનો દુરુપયોગ થઈ શકે છે અને તેના દ્વારા ઉચ્ચ જાતિનાં વિદ્યાર્થીઓને હેરાન કરી શકાય છે. તાજેતરમાં જયપુરમાં કરણી સેના, બ્રાહ્મણ મહાસભા, કાયસ્થ મહાસભા અને વૈશ્ય સંગઠનોએ એક મોટા સંગઠનના બેનર હેઠળ આ નિયમન સામે એક મોટું આંદોલન શરૂ કરવા માટે સવર્ણ સમાજ સંકલન સમિતિ (S-4) ની રચના કરી છે. અસંખ્ય ઉચ્ચ જાતિના પ્રભાવકો, યુટ્યુબર્સ અને કાર્યકરો સોશિયલ મીડિયા પર તેની વિરુદ્ધ





ઝુંબેશ ચલાવી રહ્યા છે. સ્વામી આનંદ સ્વરૂપે એક વિડીયો પોસ્ટ કર્યો, જેમાં લખ્યું છે કે જો આજે બધા ઉચ્ચ જાતિના સભ્યો એક નહીં થાય, તો તેમનું પતન નિશ્ચિત છે.

ગયા વર્ષે માર્ચમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને યુનિવર્સિટી કેમ્પસમાં જાતિ આધારિત ભેદભાવની ફરિયાદો અંગે સંસદીય શિક્ષણ સમિતિને માહિતી આપી હતી. તેમાં એવું નોંધાયું હતું કે ૨૦૧૯-૨૦ અને ૨૦૨૨-૨૩ વચ્ચે યુનિવર્સિટીઓ અને કોલેજોમાં જાતિ આધારિત ભેદભાવની ફરિયાદોમાં લગભગ ૧૧૮ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૧૭૩ ફરિયાદો નોંધાઈ હતી, જ્યારે ૨૦૨૦-૨૧માં ૧૮૨, ૨૦૨૧-૨૨માં ૧૮૬, ૨૦૨૨-૨૩માં ૨૪૧ અને ૨૦૨૩-૨૪માં ૩૭૮ ફરિયાદો નોંધાઈ હતી. એટલે કે, ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિ આધારિત ભેદભાવની કુલ ૧,૧૬૦ ફરિયાદો નોંધાઈ હતી. આ ડેટા ૭૦૪ યુનિવર્સિટીઓ અને ૧,૫૫૩ કોલેજોમાંથી એકત્રિત કરવામાં આવ્યો હતો. ૨૦૨૦ માં રાજ્યસભા સાંસદ વંદના ચવ્હાણના પ્રશ્નના જવાબમાં, HRD મંત્રાલયે કહ્યું હતું કે ૨૦૧૫ થી ૨૦૧૮ ની વચ્ચે વિવિધ યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિ આધારિત ભેદભાવના કુલ ૨૯૫ કેસ નોંધાયા હતા. તો શું આ જ કારણ હતું કે સરકાર નવા યુજીસી નિયમો લાવી?

આ પ્રશ્નના જવાબમાં, પ્રોફેસર અપૂર્વાનંદ કહે છે કે સરકારે નવા નિયમો લાવવા માટે કોઈ અલગ પહેલ કરી ન હતી. આ ઇન્દિરા જયસિંહ અને દિશા વાડેકર (વરિષ્ઠ વકીલ) ની પહેલનું પરિણામ હતું. ૨૦૧૭ માં રોહિત વેમુલાની આત્મહત્યા પછી વેમુલા કાયદાની માંગણી કરવામાં આવી રહી છે. તે પહેલાં પણ ૨૦૦૬-૦૭ દરમિયાન AIIMS માં આત્મહત્યા સંબંધિત ઘણી ઘટનાઓ બની હતી, જેના પગલે તત્કાલીન UGC ચેરમેન સુખદેવ થોરાટને શૈક્ષણિક સંસ્થાઓમાં ભેદભાવ સંબંધિત માર્ગદર્શિકા વિકસાવવાની સૂચના આપવામાં આવી હતી. વર્ષ ૨૦૧૨ માં જારી કરાયેલા આ નિયમનમાં પ્રથમ વખત શૈક્ષણિક સંસ્થાઓમાં ભેદભાવના તથ્યને ઉજાગર કરવામાં આવ્યું હતું અને કહેવામાં આવ્યું હતું કે ક્યાં પગલાં દ્વારા તેને રોકી શકાય છે. પરંતુ આ નિયમોનો અસરકારક રીતે અમલ કરવામાં આવ્યો ન હતો. આના કારણે રોહિત વેમુલા અને પાયલ તડવીની માતાઓએ સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી અને નવા નિયમો રજૂ કરવામાં આવ્યા હતા. રોહિત વેમુલા હૈદરાબાદ યુનિવર્સિટીનો વિદ્યાર્થી હતો, જેણે ૨૦૧૬ માં યુનિવર્સિટી કેમ્પસમાં કથિત જાતિ આધારિત ભેદભાવને કારણે આત્મહત્યા કરી હતી. પુણેની એક મેડિકલ કોલેજની વિદ્યાર્થિની પાયલ તડવીનું ૨૦૧૯ માં આવા જ ભેદભાવને કારણે મૃત્યુ થયું હતું.

યુજીસીના નવા નિયમો સામે વાંધો ઉઠાવનારાઓએ જણાવ્યું હતું કે આ નિયમોનો ઉપયોગ સામાન્ય શ્રેણીનાં વિદ્યાર્થીઓ સામે થઈ શકે છે અને ખોટા આરોપો તરફ દોરી શકે છે. તેઓએ જાતિ આધારિત ભેદભાવની વ્યાખ્યા સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. પ્રોફેસર અપૂર્વાનંદ કહે છે કે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત દ્વારા આવતા વિદ્યાર્થીઓ સામે ભેદભાવ ઘણી વાર જોવા મળે છે, તેથી તે સ્પષ્ટ છે કે જાતિ ભેદભાવની વ્યાખ્યામાં ફક્ત અનામત શ્રેણીના વિદ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવશે. આર્થિક રીતે પછાત સામાન્ય શ્રેણીનાં વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો, પરંતુ વિરોધ કરનારાઓ આ હકીકતને અવગણી રહ્યા હતા. યુજીસીના ભૂતપૂર્વ ચેરમેન સુખદેવ થોરાટે પણ એક ખાનગી ન્યૂઝ ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે નવા નિયમો વિભાજનકારી નથી. આમ છતાં નવા નિયમોનો વિરોધ ચાલુ રહ્યો હતો.

વિરોધનું બીજું કારણ સમાન તક કેન્દ્ર હતું. આ સૂચનાના ચોથા પાના પર ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે યુનિવર્સિટીઓ સમાન તક કેન્દ્રો સ્થાપિત કરશે. તેમનું કાર્ય વંચિત જૂથો માટેની નીતિઓ અને કાર્યક્રમો અસરકારક રીતે લાગુ કરવામાં આવી રહ્યા છે કે કેમ તેનું નિરીક્ષણ કરવાનું હતું. આ સમાન તક કેન્દ્ર હેઠળ દરેક યુનિવર્સિટીમાં સમાનતા સમિતિ બનાવવાની પણ જોગવાઈ કરવામાં આવી હતી, જે ભેદભાવની ફરિયાદોની તપાસ કરશે. આ સમિતિમાં ઓબીસી, અપંગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓના પ્રતિનિધિત્વ અંગે ચર્ચા થઈ હતી. આવી સ્થિતિમાં વિરોધ કરનારાઓએ પ્રશ્ન કર્યો કે સમિતિમાં સામાન્ય વર્ગનું પ્રતિનિધિત્વ કેમ નથી. તેમણે દલીલ કરી હતી કે નિષ્પક્ષ તપાસ માટે સામાન્ય વર્ગનું પ્રતિનિધિત્વ જરૂરી છે. ભૂતપૂર્વ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને ઘણા વિપક્ષી નેતાઓ પણ યુજીસીના આ નિયમોનો બચાવ કરી રહ્યા હતા.

ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે ભેદભાવના નામે કાયદાનો દુરુપયોગ ન થાય તેની ખાતરી કરવી એ કેન્દ્ર, રાજ્ય સરકારો અને યુજીસી બધાની જવાબદારી છે. તેમણે એમ પણ કહ્યું કે આ મામલો સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ છે અને બંધારણના દાયરામાં રહીને તમામ પગલાં લેવામાં આવશે. પરંતુ ભારતીય જનતા પાર્ટીને તેના જ કેટલાક કાર્યકરો અને નેતાઓના વિરોધનો સામનો પણ કરવો પડ્યો. ભાજપ કિસાન મોરચાના પ્રમુખ શ્યામસુંદર ત્રિપાઠીએ નવા યુજીસી નિયમોના વિરોધમાં રાજીનામું આપી દીધું. યુપી કોંગ્રેસના પ્રમુખ અજય રાયે કહ્યું કે ભાજપ સત્તામાં રહેવા માટે ભાગલા પાડી રહી છે. પહેલાં તેણે હિન્દુઓ અને મુસ્લિમોના નામે લોકોને લડાવ્યાં અને હવે તે જાતિના આધારે હિન્દુઓને વિભાજીત કરી રહી છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ભાજપ સત્તામાં રહેવા માટે ભાગલા પાડી રહી છે. પહેલાં તેણે હિન્દુઓ અને મુસ્લિમોના નામે લોકોને લડાવ્યાં અને હવે તે જાતિના આધારે હિન્દુઓને વિભાજીત કરી રહી છે**

# શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાં વાપસીની ચર્ચાએ જોર પકડતાં રાજકારણમાં ગરમાવો

**હાઈકમાન્ડ** સાથે ચર્ચા-વિચારણા ચાલી રહી છે, લીલી ઝંડી મળ્યા બાદ વાઘેલાના કોંગ્રેસમાં જોડાવા અંગે આખરી નિર્ણય લેવામાં આવશે



અમદાવાદઃ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ફરી કોંગ્રેસમાં જોડાશે તેવી અટકળોએ રાજ્યના રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે. કોંગ્રેસમાં શંકરસિંહ વાઘેલાના પુનઃપ્રવેશ અંગે હાઈકમાન્ડ સ્તરે ચર્ચા ચાલી રહી હોવાની વાત સામે આવી છે. જોકે, શંકરસિંહ વાઘેલાએ સપ્ટેમ્બર 2026માં કોંગ્રેસમાં જોડાવાની ચર્ચા ચાલી હતી, પરંતુ પોતાની પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટી સાથે 2027ની વિધાનસભા ચૂંટણી માટે સક્રિય થવાની વાત કરી હતી.

દરમિયાન પ્રદેશ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ શંકરસિંહ વાઘેલાના સંભવિત કોંગ્રેસ પ્રવેશ અંગે જણાવ્યું હતુ કે શંકરસિંહ વાઘેલા સહિત કેટલાક અગ્રણી નેતાઓને કોંગ્રેસમાં આવકારવા માટે હાઈકમાન્ડ સાથે ચર્ચા-વિચારણા ચાલી રહી છે. હાઈકમાન્ડ તરફથી લીલી ઝંડી મળ્યા બાદ વાઘેલાના કોંગ્રેસમાં જોડાવા અંગે આખરી નિર્ણય લેવામાં આવશે. ગુજરાતમાં અનેક લોકો કોંગ્રેસ સાથે જોડાવા માટે વાતચીત કરી રહ્યા છે, અને આગામી સમયમાં વધુ નેતાઓ કોંગ્રેસ સાથે એક મંચ પર જોવા મળી શકે છે. શંકરસિંહ વાઘેલા ભાજપની નીતિઓ સામે જાહેરમાં નિવેદનો આપી રહ્યા છે અને પોતાની રીતે રાજકીય લડત પણ ચલાવી રહ્યા છે. શંકરસિંહ વાઘેલાની પોતાની પાર્ટી હોવાથી તેમના પક્ષના લોકો સાથે પણ વાતચીત ચાલી રહી છે. 2027ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને વિવિધ રાજકીય તાકાતોને સાથે લાવવાની દિશામાં ચર્ચા ચાલી રહી છે.

શંકરસિંહ વાઘેલા અગાઉ લાંબા સમય સુધી કોંગ્રેસ સાથે જોડાયેલા રહ્યા હતા. જોકે, 2017ની ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલાં તેમણે કોંગ્રેસથી અલગ થઈને જન વિકલ્પ મોરચો બનાવ્યો હતો અને ત્યારબાદ પોતાની રાજકીય પાર્ટી સ્થાપી હતી. હવે 2027ની વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે વાઘેલાની રાજકીય સક્રિયતા ફરી વધી છે. સપ્ટેમ્બરમાં તેમણે પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના હોદ્દેદારો અને સમર્થકો સાથે બેઠક કરીને આગામી વિધાનસભા ચૂંટણી માટે સંગઠનને સક્રિય કરવાની દિશામાં ચર્ચા કરી હતી.

વાઘેલા તાજેતરમાં પોતાની પાર્ટી સાથે 2027ની ચૂંટણીની તૈયારી કરવાની વાત કરી ચૂક્યા છે. તેથી વાઘેલા ખરેખર કોંગ્રેસમાં જોડાશે કે પોતાની પાર્ટી સાથે રાજકીય મેદાનમાં ઉતરશે તે અંગેનો અંતિમ નિર્ણય હજુ સ્પષ્ટ થયો નથી.

## GTUના નવા કુલપતિની પસંદગી માટે ચાર સભ્યની સર્ચ કમિટી રચાઈ

ગાંધીનગરઃ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU)ના નવા કુલપતિની નિમણૂક માટે ગુજરાત સરકારે ચાર સભ્યની સર્ચ કમિટીની રચના કરી છે. આ અંગે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU)ના નવા કુલપતિની નિમણૂક માટે આ કમિટી કુલપતિ પદ માટે ત્રણ નામોની ભલામણ કરશે. કમિટીના અધ્યક્ષ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ ઝાની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. સંજીવ ઓઝા, દિલ્હી ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. પ્રતીક શર્મા અને દિલ્હી યુનિવર્સિટીના કુલપતિ પ્રો. યોગેશ સિંહને સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સર્ચ કમિટી દ્વારા GTUના કુલપતિ પદ માટે યોગ્ય ઉમેદવારોમાંથી ત્રણ નામોની ભલામણ કરવામાં આવ્યા બાદ નિયમ મુજબની આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# BUSINESS મિત્ર

### નિફ્ટી એક્સપાયરીના દિવસે ભારે વેચવાલી વચ્ચે રિકવરી નિષ્ફળ; સેન્સેક્સ ઇન્ટ્રાડે 700 પોઈન્ટ તૂટ્યો

# શેરબજારમાં ઘટાડો: 2 દિવસમાં રોકાણકારોના 10 લાખ કરોડ સ્વાહા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 29:** મીડલ ઈસ્ટમાં વધતો જતો તણાવ અને બોન્ડ યીલ્ડમાં વધારાથી વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારમાં પણ દબાણ રહ્યું હતું. આજે શેરબજારમાં રીકવરીનો પ્રયાસ કર્યો હતો, પણ તે સફળ થઈ શક્યો નહતો.

ગિફ્ટ નિફ્ટી નજીવા ઘટાડા સાથે ચાલી રહી હોવાથી આજે શરૂઆત નજીવા ઘટાડા સાથે થઈ હતી, પણ આજે ભારતીય શેરબજારમાં નિફ્ટી એક્સપાયરીના પગલે શરૂઆતી મિનિટોમાં જ ભારે વેચવાલીના પગલે નિફ્ટી 200 પોઈન્ટથી વધુ તૂટી ગઈ હતી. જોકે, છેલ્લે શોર્ટ કવરીંગના લીધે રીકવરી થઈ હતી, પણ લાલ નિશાનમાં જ બંધ રહી હતી. જ્યારે સેન્સેક્સ ઈન્ટ્રાડેમાં 700 પોઈન્ટ તૂટયો હતો. બ્રોડર માર્કેટમાં પણ વેચવાલીનું દબાણ જોવાયું હતું. જેના લીધે રોકાણકારોના આજે 3 લાખ કરોડ રૂપિયા સ્વાહા થઈ ગયા હતા. આમ, બે દિવસમાં રોકાણકારોએ રૂ. 10 લાખ કરોડથી વધુ ગુમાવ્યા છે.

બીએસઈ સેન્સેક્સ 242.65 પોઈન્ટ એટલે કે 0.33 ટકા ઘટીને 72529.07 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 72684 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72064 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 640.05 પોઈન્ટ એટલે કે 0.28 ટકા ઘટીને 22716.20 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22600 પોઈન્ટની સપાટી તોડીને 22569 પોઈન્ટ સુધી ઘટી હતી, જ્યારે 22753 પોઈન્ટ સુધી ઉછળી હતી. બેન્ક નિફ્ટી 211.70 પોઈન્ટ એટલે કે 0.39 ટકા તૂટીને 54259.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે હોનાસા કન્ઝ્યુમરમાં 18 ગણા, જીઇ વરનવામાં 11.3 ગણા, યુનાઈટેડ બ્રેવરેજીસમાં 9.93 ગણા, ઈન્ડિયન હોટલ્સમાં 8.94 ગણા અને ડેલ્હીવેરીમાં 7.57 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે હોનાસા કન્ઝ્યુમરમાં 26.53 ગણા, એબી લાઈફસ્ટાઈલમાં 25.16 ગણા, એનસીસીમાં 11.61 ગણા, એરીસ લાઈફસાયન્સીસમાં 5.72 ગણા અને ઈઆઈએચ લિ.માં 5.23 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.74 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.49 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઈ ખાતે 1967 શેરો વધ્યા હતા, જ્યારે 2419 શેરો ઘટ્યા હતા, અને 218 શેરો યથાવત રહ્યા હતા. વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફ્યુચર્સ 72 પોઈન્ટ ઘટાડા સાથે ચાલી રહ્યો છે, જે આજે પણ અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે. બીજી તરફ, સ્પેનનો વાર્ષિક ફુગાવાનો દર વધીને 4.9 ટકા થયો હોવા છતાં યુરોપિયન બજારોમાં સુધારાની ચાલ રહી હતી. આ ફુગાવો 2023ની શરૂઆતના સર્વોચ્ચ સ્તરે છે. જ્યારે વોલસ્ટ્રીટમાં ઘટાડાની અસર આજે એશિયન બજારો ઉપર જોવા મળી હતી અને મોટા ભાગના એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

### રૂપિયો તૂટીને 96.13 થયો, છેલ્લે 96ની નીચે

યુએસ બોન્ડ યીલ્ડ વૃદ્ધિ અને વૈશ્વિક અનિશ્ચિતતાના કારણે શરૂઆતથી જ રૂપિયો નબળો પડ્યો હતો અને 96ને પાર નીકળીને 96.16 સુધી તૂટયો હતો, જે છેલ્લે રીકવર થઇને 96ની નીચે સરક્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો એક પૈસા સુધરીને 95.98ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.99ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.06, પાઉન્ડ 127.97, કેનેડિયન ડોલર 67.59, ઓસ્ટ્રેલિયન ડોલર 67.18, જાપાનીઝ યેન 0.6116 અને સીંગાપોર ડોલર 74.98ના સ્તરે બંધ રહ્યો હતો.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 96.03 રૂ. |
| યુરો | 109.13 રૂ. |
| પાઉન્ડ | 127.19 રૂ. |
| યેન | 0.6106 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -242.65 | 72529.07 |
| નિફ્ટી | -64.05 | 22716.20 |
| બેન્ક નિફ્ટી | -211.70 | 54259.95 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી એન્ટરપ્રાઇઝ | 5.01 | 2972.90 |
| અદાણી પોર્ટસ | 4.49 | 1822.00 |
| ડો. રેડ્ડીઝ લેબ | 2.53 | 1251.90 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 1.11 | 406.00 |
| ટાટા સ્ટીલ | 0.91 | 188.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 3.00 | 4675.00 |
| એચસીએલ ટેક્નો | 2.44 | 1222.00 |
| વિપ્રો | 2.95 | 156.79 |
| ટીસીએસ | 1.85 | 2032.40 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 4.39 | 1818.00 |
| સન ફાર્મા | 1.09 | 1860.00 |
| ટાટા સ્ટીલ | 1.05 | 187.95 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 1.00 | 406.00 |
| એનટીપીસી | 0.92 | 323.95 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 2.72 | 4684.00 |
| એચસીએલ ટેક્નો | 2.29 | 2036.00 |
| ટીસીએસ | 1.72 | 2036.00 |
| એલ્ટ્રાટેક સિમેન્ટ | 1.57 | 10846.65 |
| એચયુએલ | 1.53 | 1867.00 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂ.** | | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૯૦૦ |
| એસ-30 | ૪૮૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૨૨૨૦ |
| તેજાબી સોનું | ૧૫૨૧૩૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૪૬૧૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૯૧૭૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૨૨૨૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૮૧૫૦ |
| ચાંદી સિક્કા | ૨૨૯૬૫૦ |

# અમેરિકી રાહતથી ભારતીય ફાર્મા માર્કેટ ગુલઝાર

BSE હેલ્થકેર ઇન્ડેક્સ 140 પોઇન્ટ સુધર્યો; ડો. રેડ્ડીઝ અને સન ફાર્મામાં તેજી

નવી દિલ્હી, તા. 29: અમેરિકામાં ભારતને કેટલીક દવાઓ પરથી 100 ટકા ટેરિફમાંથી રાહત મળી છે, અને શૂન્ય ડ્યુટીનો લાભ મળ્યો છે, જેના લીધે આજે ફાર્મા શેરોમાં ચમકારો જોવા મળ્યો હતો. બજારમાં મંદીના વાદળો વચ્ચે ફાર્મા ઈન્ડેક્સ પોઝિટિવ રહ્યો હતો. જેમાં આગેવાન કંપનીઓ ડો. રેડ્ડીઝ લેબ, સન ફાર્મા સહિતની કંપનીઓના શેરો ચમક્યા હતા.ભારત યુએસમાં મુખ્ય ફાર્માસ્યુટીકલ્સ સપ્લાયર્સ પૈકીનો એક છે. જેમાં યુએસ વાણિજ્ય વિભાગે 100 ટકા ટેરિફ માટેની તૈયારી કરી રહી છે, જે અંગે એક યાદી બહાર પાડી છે, પણ તેમાં ભારતમાંથી યુએસ મોકલવામાં આવતી દરેક દવા પર લાગુ પડશે નહીં.

# મજબૂત જીડીપી વૃદ્ધિ છતાં એફઆઈઆઈની એક્ઝીટ

**ભારતીય** શેરબજારમાંથી એફઆઇઆઇએ બે વર્ષમાં 3.84 લાખ કરોડ ઉલેચી લીધા

મુંબઈ, તા. 29: ભારતનું અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યું છે, પરંતુ વિદેશી રોકાણકારો પર તંત્રની કોઈ અસર દેખાતી નથી. દેશની મજબૂત જીડીપી વૃદ્ધિ છતાં એફઆઈઆ ભારતીય શેરબજારમાં નવું રોકાણ કરતી નથી એટલું જ નહીં, પણ સતત વેચવાલી રહી છે. છેલ્લા બે વર્ષમાં ભારતીય શેરબજારમાંથી આશરે 40 બિલિયન ડોલર એટલે કે 3.84 લાખ કરોડ રૂપિયા બહાર કાઢી લીધા છે.

બર્નસ્ટેઈનના રિસર્ચના રિપોર્ટ અનુસાર ભારતમાં વિદેશી રોકામ આકર્ષતા કેટલાક જુના ઈન્ડેક્સ હવે પહેલા જેટલા અસરકારક રહ્યા નથી. આનો અર્થ એ થાય છે કે ભારતનું અર્થતંત્ર કેટલી ઝડપથી વિકસી રહ્યું છે તે જોવું હવે વિદેશી રોકાણકારો માટે પુરતુ કારણ નથી.

તાજેતરના સમયમાં એફઆઈઆઈનું વલણ નોંધપાત્ર રીતે બદલાયું છે. એફઆઈઆઈએ મોટા વિદેશી ભંડોળ અને સંસ્થાકીય રોકાણકારોનો ઉલ્લેખ કરે છે. જે ભારતીય શેરબજારમાંરોકાણ કરે છે. બર્નસ્ટાઈનના ડેટા અનુસાર છેલ્લા 24 મહિનામાં કુલ એફઆઈઆઈ આઉટફલો આશરે 56.3 બિલિયન ડોલર હતો, આ સમયગાળામાં 38.6 બિલિયન ડોલરનો પ્રવાહ જોવા મળ્યો હતો, જેનો મતલબ એ થાય છે કે, છેલ્લા બે વર્ષમાં ભારતીય શેરબજારમાં રોકાણ કરતા વધુ નાણા બહાર નીકળ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા 10 વર્ષોમાં, ભારતીય શેરબજારમાં ચોખ્ખું એફઆઈઆઈ રોકાણ ચાર બિલિયન ડોલરની આસપાસ હતું. તેની સરખામણીએ ઘરેલું સંસ્થાકીય રોકાણ લગભગ 300 બિલિયન ડોલરનું હતું, તે દર્શાવે છે કે, ભારતીય બજારમાં સ્થાનિક રોકાણકારોની ભૂમિકા સતત વધી રહી છે. જ્યારે વિદેશી રોકાણકારોનું યોગદાન ઘટી રહ્યું છે.

એક સમય હતો જ્યારે ભારતનો આર્થિક વિકાસ અને વિદેશી રોકાણ મોટાભાગે સાથે સાથે આગળ વધતા હતા, જેમ જેમ ભારતનો જીડપી વૃદ્ધિ ઝડપી થઈ, તેમ તેમ વિદેશી રોકાણ વધ્યું. આ સંબંધ 2007 સુધી મજબૂત હતો. ત્યારબાદ આ સંબંધ નબળો પડ્યો. તાજેતરના વર્ષોમાં પરિસ્થિતિ એવી બની છે કે, ભારતીય અર્થતંત્રમાં મજબૂત વિકાસ છતાં એફઆઈઆઈ ભંડોળ બહાર નીકળવાનું ચાલુ રાખ્યું છે. આનો અર્થ એ છે કે, ભારતનો આર્થિક વિકાસ પણ વિદેશી રોકાણકારોને આકર્ષિત કરી શકતો નથી.

# સિમેન્ટના ભાવમાં તોળાતો વધારો, ઘર બનાવવું થશે મોંઘું

**ઓક્ટોબરમાં** પણ થેલી દીઠ □5થી □20 રૂપિયાનો ભાવવધારો શક્ય

મુંબઈ, તા. 29: સપ્ટેમ્બર પછી ઓક્ટોબરમાં પણ સિમેન્ટના ભાવ વધી શકે છે. સપ્ટેમ્બરમાં સિમેન્ટના ભાવમાં વધારો જોવા મળ્યો હતો, પરંતુ તેનાથી માંગ પર ખાસ અસર પડી ન હતી, જેના કારણે ઓક્ટોબરમાં ભાવમાં વધારો થવાની સંભાવના છે.

સપ્ટેમ્બરમાં ભાવ વધારા બાદ, ઓક્ટોબરમાં ભાવમાં વધુ વધારો થવાની ધારણા છે. સેન્ટ્રમ બ્રોકિંગના એક અહેવાલમાં અંદાજ છે કે સિમેન્ટ કંપનીઓ ઓક્ટોબરમાં મોટાભાગના બજારોમાં પ્રતિ બેગ રૂ. 5 થી લઈને રૂ. 20 સુધીનો ભાવ વધારો શકે છે. જોકે, અહેવાલમાં એમ પણ જણાવાયું છે કે, ભાવ વધારો જો કે, માંગમાં આવેલી રિકવરી પર નિર્ભર રહેશે.

અહેવાલ મુજબ, તાજેતરના અઠવાડિયામાં ઈંધણના ભાવમાં તીવ્ર વધારો થયો છે. તેથી, કંપનીઓ કેટલો ભાવ વધારો કરે છે અને કેટલો સમય તેને જાળવી રાખે છે તેની પર નજર રહેશે. સપ્ટેમ્બરમાં સમગ્ર ભારતમાં સરેરાશ ભાવ રૂ. 7 મહિના-દર-મહિના વધીને રૂ. 356 પ્રતિ બેગ થયો. અગાઉ, જુલાઈ અને ઓગસ્ટમાં ભાવ મોટાભાગે સ્થિર રહ્યા હતા. જોકે, અહેવાલ મુજબ, કંપનીઓ દ્વારા વધેલા બિલિંગ ભાવની સંપૂર્ણ અસર ઘણા બજારોમાં ગ્રાહકો પર નાખવામાં આવી નથી. ડીલરો ક્વાર્ટરના અંતે વોલ્યુમ લક્ષ્યોને પૂર્ણ કરવા માટે અગાઉના ભાવે સિમેન્ટ વેચવાનું ચાલુ રાખ્યું. પ્રાદેશિક રીતે જોઈએ તો, દક્ષિણ ભારતમાં સપ્ટેમ્બરમાં સિમેન્ટના ભાવમાં પ્રતિ બેગ રૂ. 11 સૌથી વધુ વધારો જોવા મળ્યો હતો. ત્યારબાદ પશ્ચિમ ભારતમાં રૂ. 9 નો વધારો જોવા મળ્યો. મધ્ય, પૂર્વ અને ઉત્તર ભારતમાં પ્રત્યેક બેગના ભાવમાં રૂ. 5 નો વધારો જોવા મળ્યો.